સંક્ષિપ્ત સમાચાર

કાલોલમાં સાંસદ રાજપાલસિંહ જાદવે ઉદ્યોગપતિઓ સાથે બેઠક યોજી

કલોલ | વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થતા 'વિશિષ્ટ વ્યક્તિ સંપર્ક અભિયાન' હેઠળ સાંસદ રાજપાલસિંહ જાદવે કાલોલની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે કાલોલ ઇન્ડસ્ટ્રીઝ ફેડરેશનના પ્રમુખ સાથે મુલાકાત કરી ઔદ્યોગિક વિકાસ, સ્થાનિક રોજગારી અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પ અંગે અર્થપૂર્ણ ચર્ચા કરી હતી. સાંસદે જણાવ્યું કે મોદી સરકારની ઉદ્યોગમૈત્રી નીતિઓ અને MSME સેક્ટરને મળેલા પ્રોત્સાહનથી દેશમાં ઔદ્યોગિક ક્રાંતિ આવી છે અને કાલોલ જેવા વિસ્તારો વિકસિત ભારતનો પાયો છે. આ પ્રસંગે સ્થાનિક પદાધિકારીઓ અને ભાજપ અગ્રણીઓની ઉપસ્થિતિમાં સરકારની ૧૨ વર્ષની વિકાસલક્ષી કામગીરી અંગે સંવાદ સાધ્યો હતો.

ડભોઈ ભાજપ લઘુમતી મોરચા દ્વારા ગેબનશા પીર દરગાહ ખાતે વૃક્ષારોપણ-સફાઈ અભિયાન

ડભોઇ | ડભોઈ શહેર ભાજપ લઘુમતી મોરચા દ્વારા સામાજિક સેવાની ભાવના સાથે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત શહેરની પવિત્ર ગેબનશા પીરની દરગાહ અને કબ્રસ્તાન પરિસરમાં સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પર્યાવરણની જાળવણીના સંદેશ સાથે લઘુમતી મોરચાના સભ્યો દ્વારા દરગાહ અને કબ્રસ્તાન ખાતે વિવિધ વૃક્ષોનું રોપણ પણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિ દ્વારા ભાજપ લઘુમતી મોરચાએ સ્વચ્છતા અને હરિયાળી પ્રત્યે પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

સંખેડાના પંચેશ્વર ખાતે ધારાસભ્યની પ્રેરક ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ યોજાયું

સંખેડા | સંખેડા તાલુકાના પંચેશ્વર ખાતે ધારાસભ્ય અભેસિંહ તડવી અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોની હાજરીમાં 'હરિયાળું સંખેડા' બનાવવાના સંકલ્પ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પર્યાવરણના સંતુલન અને આગામી પેઢીને સ્વચ્છ વાતાવરણ આપવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ પ્રકારના રોપાઓનું વાવેતર કરી પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરાઈ હતી. આ પ્રસંગે વન વિભાગના અધિકારીઓ અને તાલુકા પંચાયતના સભ્યોએ જોડાઈને માત્ર વૃક્ષો વાવવા જ નહીં, પરંતુ તેનું યોગ્ય જતન કરવા માટે પણ લોકોને અપીલ કરી હતી. વિવિધ સંગઠનોના હોદ્દેદારો અને કાર્યકરોએ ઉત્સાહભેર ભાગ લઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

દાહોદમાં વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે રક્તદાન જાગૃતિ સેમિનાર યોજાયો

દાહોદ | વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, દાહોદ દ્વારા રળીયાતીના આંબેડકર ભવન ખાતે રક્તદાન અંગે જાગૃતિ સેમિનારનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કમલેશભાઈ લીમ્બાચીયાએ રક્તદાનના ફાયદા સમજાવ્યા હતા અને સાબીર શેખ દ્વારા રેડ ક્રોસ સોસાયટીની વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદારો દિનેશભાઈ શાહ, જવાહરભાઈ શાહ, નરેન્દ્રભાઈ પરમાર અને ડો. ઈકબાલ હુસેનવાલા સહિત મોટી સંખ્યામાં યુવાનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રક્તદાન કરવા સંકલ્પ લીધો હતો.

છોટાઉદેપુરના ચીસડિયા ગામે ધારાસભ્યના અધ્યક્ષસ્થાને 'જન કલ્યાણ શિબિર' સંપન્ન

છોટાઉદેપુર | રાજ્ય સરકારની યોજનાઓ છેવાડાના પરિવારો સુધી પહોંચાડવા માટે તાલુકા વહીવટી તંત્ર દ્વારા ચિસાડિયા ખાતે ભવ્ય જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વિધવા સહાય, વૃદ્ધ પેન્શન અને PM-JAY કાર્ડ જેવી ૫૬ પ્રકારની સરકારી સેવાઓના લાભાર્થીઓને સ્થળ પર જ હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. નાગરિકોને ડિજિટલ સુવિધાથી માહિતગાર કરવા માટે 'સુગમ ડિજિટલ પોર્ટલ' વિશે વિશેષ માર્ગદર્શન આપી તેમને ઘર આંગણે સેવાઓ મેળવવા સજ્જ કરાયા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ, ટીડીઓ અને મામલતદાર સહિત વિવિધ વિભાગના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

બોડેલીમાં વિશ્વ રક્તદાન દિવસની ભવ્ય ઉજવણી પ્રસંગે રક્તદાતાઓનું સન્માન કરાયું

બોડેલી | બોડેલીની રાજપૂત વાડીમાં પ્રકૃતિ (સાથ) ફાઉન્ડેશન અને પ્રમુખ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે વિશ્વ રક્તદાન દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જરૂરિયાતમંદ દર્દીઓ માટે સતત રક્તદાન કરનારા નિષ્ઠાવાન રક્તદાતાઓનું સર્ટિફિકેટ અને ગિફ્ટ આપીને ગૌરવપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ વિરોધ પક્ષના નેતા સુખરામ રાઠવાએ દર્દીઓની સુવિધા માટે બોડેલીમાં જ આધુનિક બ્લડ બેંક ઉભી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રક્તદાન અંગેની જાગૃતિ વધારવાનો અને ભ્રમો દૂર કરવાનો હતો.

પાદરા પાલિકામાં 'જંગ-એ-ચેરમેન' | ભાજપની પ્રચંડ બહુમતી છતાં અસંતોષને કારણે સામાન્ય સભા પણ મુલતવી રાખવી પડી

પાદરા પાલિકામાં ખેંચતાણના પગલે સમિતિઓની વરણીમાં પેચ ફસાયો

પાલિકાના ૩૦૦ કરોડના વહીવટ પર પકડ જમાવવા સભ્યો વચ્ચે આંતરિક ખેંચતાણ

(પ્રતિનિધિ) પાદરા તા.૧૪

પાદરા નગરપાલિકામાં ભાજપે ૨૮ માંથી ૨૩ બેઠકો જીતીને વિરોધ પક્ષોનો સફાયો તો કરી દીધો છે, પરંતુ હવે અસલી જંગ પક્ષની અંદર જ શરૂ થયો હોય તેવું દેખાઈ રહ્યું છે. પ્રમુખ અને ઉપપ્રમુખની વરણીના એક મહિના બાદ પણ 'આર્થિક રીતે મહત્વની' સમિતિઓ કબજે કરવા માટે ભાજપના જ ચૂંટાયેલા સભ્યો વચ્ચે ચાલતી આંતરિક લડાઈને કારણે પાલિકાનો વહીવટ જાણે થંભી ગયો છે. શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીમાં સમિતિઓની વહેંચણીને લઈને સર્જાયેલો અસંતોષ હવે શહેરમાં 'ટોક ઓફ ધ ટાઉન' બન્યો છે.

રાજકીય સૂત્રોના જણાવ્યા અનુસાર, પાદરા નગરપાલિકાના વાર્ષિક અંદાજે રૂ. ૩૦૦ કરોડના વહીવટ અને વિકાસ કાર્યો પર સીધું નિયંત્રણ ધરાવતી સમિતિઓમાં સ્થાન મેળવવા માટે સભ્યોમાં ભારે રસાકસી ચાલી રહી છે. ખાસ કરીને સ્વતંત્ર નિર્ણાયક સત્તા ધરાવતી કમિટીઓ માટે વિવિધ જૂથો સક્રિય થયા છે. ગત અઠવાડિયે આ જ ખેંચતાણને કારણે સામાન્ય સભાના દિવસે જ વહેલી સવારે બેઠક મુલતવી રાખવાની ફરજ પડી હતી, જે દર્શાવે છે કે સભ્યો વચ્ચે હજુ સુધી કોઈ સહમતિ સધાઈ નથી.

આ વખતે પાલિકામાં ૧૮ સભ્યો પ્રથમ વખત ચૂંટાઈ આવ્યા છે, જ્યારે ૧૩ મહિલા સભ્યો પણ પ્રતિનિધિત્વ કરી રહી છે. જ્ઞાતિગત સમીકરણો જોઈએ તો ૮ પટેલ અને ૭ દરબાર સભ્યોનું પ્રભુત્વ છે. નવા ચૂંટાયેલા સભ્યોમાં ઉત્સાહ છે તો જૂના જોગીઓ વહીવટ પર પોતાની પકડ જાળવી રાખવા મથામણ કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રમુખ તરીકે દીપેશ પંચાલ અને ઉપપ્રમુખ તરીકે ઈલાબેન જોશીની વરણી બાદ હવે બાકીની મલાઈદાર ગણાતી સમિતિઓ માટે અંદરોઅંદર વિખવાદ વકર્યો છે.

૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પર પડી શકે છે અસર

રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે જો ભાજપ હાઇકમાન્ડ આ આંતરિક અસંતોષને ડામવામાં નિષ્ફળ રહેશે, તો તેની સીધી અસર ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીના સમીકરણો પર પડી શકે છે. હાલ તો પાદરાના નગરજનોમાં એ જ ચર્ચા છે કે બહુમતી હોવા છતાં શાસકો પ્રજાના કામો કરવાને બદલે હોદ્દાઓની વહેંચણીમાં જ ગૂંચવાયેલા છે.

પાદરા નગરપાલિકા: એક નજરે રાજકીય ચિત્ર

કુલ બેઠકો: ૨૮ (ભાજપ: ૨૩, કોંગ્રેસ: ૨, અપક્ષ: ૩)
બિનહરીફ વિજેતા: ૧૧ સભ્યો
નવા ચહેરા: ૧૮ સભ્યો પ્રથમ વખત ચૂંટાયા
સ્ત્રી-પુરુષ સપ્રમાણતા: ૧૩ મહિલા અને ૧૩ પુરુષ સભ્યો
મુખ્ય હોદ્દેદારો: દીપેશ પંચાલ (પ્રમુખ), ઈલાબેન જોશી (ઉપપ્રમુખ), સંતોષ પટેલ (કારોબારી ચેરમેન)

પાદરાના અરિહંત કોમ્પ્લેક્સમાં શોર્ટ સર્કિટથી ભીષણ આગ

(પ્રતિનિધિ) પાદરા તા.૧૪

પાદરા શહેરના અરિહંત કોમ્પ્લેક્સમાં વીજ મીટરોમાં આગ ફાટી નીકળતા રહેવાસીઓમાં ભારે દોડધામનો માહોલ સર્જાયો હતો. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં કોમ્પ્લેક્સના અનેક ફ્લેટોના વીજ મીટરો બળીને ખાખ થઈ ગયા હતા. રહેવાસીઓએ જીવ બચાવવા માટે તાત્કાલિક ઘરોની બહાર નીકળી સુરક્ષિત સ્થળે આશરો લીધો હતો. આ ઘટનાની જાણ થતાં જ પાદરા નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગની સતર્કતા અને સમયસરની કામગીરીને કારણે આગ વધુ ફેલાતી અટકી હતી અને કાબૂમાં આવી હતી. પ્રાથમિક તપાસમાં એવું અનુમાન લગાવવામાં આવ્યું છે કે વીજ પુરવઠામાં અચાનક વોલ્ટેજ વધવાથી શોર્ટ સર્કિટ સર્જાતા આ આગ લાગી હતી.

તલાટીઓની અનિયમિતતા અને વચેટિયાઓની બોલબાલાથી જનતા પરેશાન

સુખસર: જાતિ-આવકના દાખલા માટે અરજદારોના ધરમધક્કા!

મામલતદાર કચેરી બહાર નોટરીના નામે તકવાદી તત્વો દ્વારા ઉઘાડી લૂંટ

(પ્રતિનિધિ) સુખસર તા.૧૪

સુખસરને તાલુકાનો દરજ્જો મળતા સ્થાનિક ખેડૂતો અને ગરીબ જનતામાં સુવિધા વધવાની આશા જન્મી હતી, પરંતુ હાલ પરિસ્થિતિ વિપરીત જોવા મળી રહી છે. તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતોમાં તલાટી કમ-મંત્રીઓની અનિયમિતતાને કારણે અરજદારોને જાતિ અને આવકના દાખલા મેળવવા માટે કચેરીઓના ધરમધક્કા ખાવા પડી રહ્યા છે. અનેક તલાટીઓ પાસે એકથી વધુ પંચાયતોનો ચાર્જ હોવાથી અથવા બદલી બાદ નવા હોદ્દેદારોએ ચાર્જ ન સંભાળતા વહીવટી કામગીરી ઠપ થઈ ગઈ છે.

બીજી તરફ, તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી પાસે સક્રિય કેટલાક વચેટિયાઓ અને સ્ટેમ્પ વેન્ડરો દ્વારા ગરીબ પ્રજાની મજબૂરીનો ગેરલાભ ઉઠાવવામાં આવી રહ્યો હોવાની બૂમો ઉઠી છે. ૫૦ રૂપિયાના સ્ટેમ્પ માટે બમણા નાણાં વસૂલવા, સામાન્ય ફોર્મ ભરવાના નામે આડેધડ ઉઘાડી લૂંટ ચલાવવી અને જન્મ-મરણના દાખલા માટેની પ્રક્રિયામાં કચેરીના કર્મચારીઓની મિલીભગતથી વધુ નાણાં પડાવવામાં આવતા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

આશ્ચર્યજનક બાબત તો એ છે કે, કોઈ નોટરી વકીલની ગેરહાજરી હોવા છતાં તકવાદી તત્વો દ્વારા નોટરીના સહી-સિક્કા કરી આપીને તગડી રકમ વસૂલવામાં આવી રહી છે. આ ગંભીર ગેરરીતિઓ અટકાવવા અને ગરીબ જનતાને ન્યાય અપાવવા માટે જિલ્લા અને તાલુકા કક્ષાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાકીદે તપાસ હાથ ધરી ચાંપતી નજર રાખવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

સાઘલીમાં ૧૫૦ ફૂટ ઊંડા કૂવામાં ૪ દિવસથી ફસાયેલા શ્વાનનું રેસ્ક્યુ

શિનોર તાલુકાના સાઘલી ગામે જીવદયાનું એક ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું છે. સાઘલી-દિવેર રોડ પર આવેલ ખેડૂત ભુરાભાઈ પટેલના ફાર્મ હાઉસના અંદાજે ૧૦૦ થી ૧૫૦ ફૂટ ઊંડા કૂવામાં એક અબોલ જીવ (શ્વાન) ૪ દિવસથી ફસાયેલું હતું. શ્વાનના સતત ભસવાના અવાજને કારણે ખેડૂતનું ધ્યાન ગયું અને આ સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી. આ ઘટનાની જાણ થતા જ શિનોર વન વિભાગના માર્ગદર્શન હેઠળ વાઇલ્ડ લાઇફ ટ્રસ્ટ માલસરના ભરત મોરે અને તેમની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. કૂવાની ભયજનક ઊંડાઈ અને મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે ટીમે સ્થાનિક લોકોના સહયોગથી દિલધડક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.

ટીડીઓની મંજૂરી હોવાનું કહી મકાનો તોડ્યા પણ ટીડીઓ પોતે જ સમગ્ર ઘટનાથી અજાણ

ડેસરના મેરાકુવામાં સત્તાના જોરે ૧૯ આવાસ પર જેસીબી ફેરવી દેવાયું !

સરપંચે સાંસદના પીએની હાજરી હોવાનો દાવો કરતાં ચકચાર

(પ્રતિનિધિ) ડેસર તા.૧૪

ડેસર તાલુકાના મેરાકુવા પંચાયત વિસ્તારમાં આવતા રાતડીયા પાસે ૨૫ વર્ષ જૂના ૧૯ જેટલા સરદાર આવાસોને કોઈ પણ સત્તાવાર મંજૂરી વિના તોડી પાડવામાં આવતા ભારે ચકચાર મચી છે. ગરીબો માટે ફાળવવામાં આવેલા આ મકાનો પર ગેરકાયદેસર રીતે જેસીબી ફેરવી દેવાતા સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો છે. હાલમાં તાલુકા વિકાસ અધિકારીએ આ મામલે તપાસનો આદેશ આપ્યો છે.

ગત ૧૦મી અને ૧૧મી જૂનના રોજ રાતડીયા પાસેના આ જુના આવાસો તોડવાની કામગીરી શરૂ કરાઈ હતી. જ્યારે સ્થાનિક લોકોએ વિરોધ કર્યો, ત્યારે સ્થળ પર હાજર શખ્સોએ એવો દાવો કર્યો હતો કે આ કામગીરી ટીડીઓની મંજૂરીથી ચાલી રહી છે. જોકે, જ્યારે ટીડીઓનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેઓ આ ઘટનાથી તદ્દન અજાણ હોવાનું સામે આવ્યું હતું.

બીજી તરફ, મેરાકુવા ગામના સરપંચે એવો દાવો કર્યો હતો કે સાંસદના પીએની હાજરીમાં આ મકાનો તોડવામાં આવ્યા છે, કારણ કે તે જમીન પર વૃક્ષારોપણ કરવાની યોજના છે. પરંતુ, બાદમાં નિવેદન નોંધતી વખતે સરપંચે પોતાની સંડોવણી નકારી હોવાનું પણ જાણવા મળ્યું છે.

આતુના મુવાડાના આ લાભાર્થીઓને આશરે ૨૫ વર્ષ પહેલા સરકારી પડતર જમીન પર પ્લોટિંગ કરીને આ આવાસો ફાળવવામાં આવ્યા હતા. પોતાના હક્કના મકાનો તોડી પાડવામાં આવતા લાભાર્થીઓએ તાલુકા સેવા સદન ખાતે ટીડીઓને આવેદનપત્ર આપી ન્યાયની ગુહાર લગાવી છે. આ ઘટનાને પગલે ટીડીઓએ સ્થળ તપાસ કરી જેસીબી માલિક અને ચાલકના નિવેદનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

ટીડીઓએ કડક કાર્યવાહીની ખાતરી આપી

આ સમગ્ર મામલે ટીડીઓએ મેરાકુવા ગામના તલાટી કમ મંત્રીને તપાસ સોંપી છે. તેમણે ખાતરી આપી છે કે જે કોઈ પણ વ્યક્તિ આ ગેરકાયદેસર ડિમોલેશન માટે જવાબદાર હશે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં ૧૯ ગરીબ પરિવારો ન્યાય અને પુનઃસ્થાપનની રાહ જોઈ રહ્યા છે.

પુત્રની નજર સામે જ પિતા નદીમાં ગરકાવ

આણંદનો યુવક મહીસાગર નદીના ઊંડા પાણીમાં ડૂબ્યો

સાવલી પોલીસ અને ફાયર બ્રિગેડ દ્વારા શોધખોળ શરૂ કરી

(પ્રતિનિધિ) સાવલી તા.૧૪

સાવલી તાલુકાના લાછનપુર ગામ નજીક પસાર થતી મહીસાગર નદીમાં રવિવારે એક હૃદયદ્રાવક દુર્ઘટના બની હતી. આણંદમાં રહી નોકરી કરતા અને મૂળ રાજસ્થાનના વતની 34 વર્ષીય મુકેશ સરગરો પોતાના પાંચ વર્ષના પુત્ર અને સાળા સાથે નદીમાં નાહવા આવ્યા હતા. નદીના પાણીમાં નાહતી વખતે મુકેશભાઈ અચાનક ઊંડા પાણીમાં ઉતરી જતાં પ્રવાહમાં તણાઈ ગયા હતા.

પોતાની નજર સામે જ પિતાને પાણીમાં ગરકાવ થતાં જોઈ માસૂમ પુત્ર શોકમગ્ન બની ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને ત્યારબાદ સાવલી પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. ફાયર બ્રિગેડની મદદથી નદીમાં સતત શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે, પરંતુ હજુ સુધી યુવકનો કોઈ પત્તો લાગ્યો નથી. રજાના દિવસે આનંદ માણવા આવેલા પરિવાર પર આ ઘટનાથી આભ ફાટ્યું છે. હાલ રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું છે.

કવાંટમાં પ્રસુતિ સમયે સગર્ભા માતાનું ઘરે મોત

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.૧૪

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં આરોગ્ય વિભાગની કથળેલી કામગીરી અને ગંભીર બેદરકારીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. તાલુકાના સૈડીવાસણ ગામમાં એક સગર્ભા માતાને સમયસર તબીબી સારવાર ન મળતા, ઝૂંપડી જેવા ઘરે જ પ્રસુતિ દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું, જેના કારણે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, કવાંટ તાલુકાના સૈડીવાસણ ગામના જામ્બન ફળિયામાં રહેતા કિંજલબેન રાઠવાને પ્રસુતિની પીડા ઉપડી હતી. સરકાર દ્વારા ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં ૧૦૮ એમ્બ્યુલન્સ અને સલામત હોસ્પિટલ ડિલિવરી માટે લાખો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે, છતાં કિંજલબેનને હોસ્પિટલ ખસેડવાની તસદી લેવાઈ નહોતી. અંતરિયાળ ગામડાઓમાં સગર્ભા મહિલાઓની દેખરેખ માટે આશા વર્કર અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર્સ જેવા સ્ટાફની નિમણૂક હોવા છતાં, આ આદિવાસી માતાને ઘરે જ પ્રસુતિ કરવાની ફરજ પડી હતી અને યોગ્ય સારવારના અભાવે તેમણે દમ તોડી દીધો હતો.

આ ઘટનાને પગલે મૃતકના પરિવારજનો અને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે આરોગ્ય કર્મચારીઓ માત્ર કાગળ પર જ કામગીરી દર્શાવે છે અને વાસ્તવિક સ્થિતિમાં ગરીબો સુધી કોઈ સુવિધા પહોંચતી નથી.

સાવલીના લામડાપુરા ગામના સરપંચ પુત્રે ભાડૂતી ગુંડા બોલાવી ગામમાં તાંડવ મચાવ્યું

તલવાર-લાકડીઓ સાથે ૧૫ શખ્સોએ વાહનોમાં તોડફોડ કરી, ગ્રામજનોમાં ફફડાટ

(પ્રતિનિધિ) સાવલી તા.14

સાવલી તાલુકાના લામડાપુરા ગામે કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગામના મહિલા સરપંચના પુત્રએ સત્તાના નશામાં ચૂર થઈ સામાન્ય બોલાચાલી જેવી નજીવી બાબતે ભાડૂતી ગુંડાઓ બોલાવી સમગ્ર ગામને બાનમાં લીધું હતું. જાહેર રસ્તા પર નગ્ન હથિયારો સાથે આતંક મચાવતા આ ગુંડાતત્વોને જોઈ ગ્રામજનો પારેવાની માફક ફફડી ઉઠ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, લામડાપુરા ગામના મહિલા સરપંચ શારદાબેન પરમારનો પુત્ર ઉપેન્દ્ર ઉર્ફે મુન્નો રમણભાઈ પરમાર અગાઉ પણ તળાવમાં રસ્તો બનાવી તેને પૂરી દેવાના આક્ષેપોને કારણે વિવાદમાં રહ્યો હતો. ગતરોજ મુન્નાને ગામના જ રમેશભાઈ ચંદુભાઈ પરમાર સાથે કોઈ સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. આ તકરારનો ખાર રાખી મુન્નાએ અંદાજે ૧૫થી વધુ ભાડૂતી ગુંડાઓને ગામમાં બોલાવ્યા હતા.

ગામમાં તલવાર અને લાકડીઓ જેવા મારક હથિયારો સાથે આવેલા આ લુખ્ખા તત્વોએ ગામમાં આતંક મચાવવાનું શરૂ કર્યું હતું. ગામમાં પાર્ક કરેલા બાઈક, ટેમ્પો, સ્કૂટી, પિક-અપ ટેમ્પો અને આઈશર જેવા ૫ થી ૭ જેટલા વાહનો પર તૂટી પડી તેના કાચ તોડી નાખી ભારે નુકસાન પહોંચાડ્યું હતું. ધોળે દિવસે ખેલાયેલા આ લોહિયાળ ખેલના કારણે ગામમાં ભય અને તણાવનો માહોલ સર્જાયો છે.

સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ

ગુંડાતત્વો દ્વારા કરવામાં આવેલી તોડફોડ અને આતંકનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ભારે ચર્ચા જાગી છે. ભોગ બનનાર પરિવારના સભ્ય હાર્દિક પરમારે આક્ષેપ કર્યો છે કે પોલીસની કાર્યવાહી સામે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે. ગ્રામજનોએ વાયરલ વીડિયોના આધારે તપાસ કરી તમામ ભાડૂતી ગુંડા સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી છે.